# વાપી મહાનગરપાલિકા

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | તા.૦૬/૧૦/૨૦૨૬ ના ૦૦:૦૦ કલાકથી |
| ઓફર ફોર્મ/પ્રાઇસબીડ, ટેન્ડર ફી, ટેન્ડર કોપી, બાનાની રકમ તેમજ ટેન્ડરના અન્ય બાકી જરૂરી પુરાવા (સ્કેન કરી) ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૩/૧૦/૨૦૨૬, ૧૯:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ હાર્ડ કોપી સીલબંધ કવરમાં સ્વીકારવાની છેલ્લી તારીખ / સમય | તા.૧૫/૧૦/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૧૬/૧૦/૨૦૨૬ ,૧૨:૦૦ કલાક (શક્ય હશે તો) |

**:: કામનું નામ ::-**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં મહાનગરપાલિકા હસ્તકના સ્વીમીંગ પૂલનાં સંચાલન (ઓપરેશન અને મેઈન્ટેનન્સ) માટેનું ટેન્ડર

Tender for operation and maintenance of swimming pool owned by the Vapi Municipal Corporation, Vapi

**કમિશ્નરશ્રી**
**વાપી મહાનગરપાલિકા**
**વાપી**

# " પરિશિષ્ટ - અ"

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં મહાનગરપાલિકા હસ્તકના બનાવવામાં આવેલ સ્વીમીંગ પૂલના સંચાલન (ઓપરેશન અને મેઈન્ટેનન્સ) માટે અને સ્વીમીંગપૂલને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવા અંગે ઇજારો આપવાના કામે ટેન્ડરરે ભરવાની ટેન્ડર ફી, બાનાની રકમ, સિક્યુરિટી ડિપોઝિટ, પર્ફોમન્સ ગેરેન્ટી ડિપોઝીટની વિગત :

| | |
|---|---|
| (૧) ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | : રૂા.૧૭૭૦/- (જી.એસ.ટી સાથે) |
| (૨) ટેન્ડર સાથે ભરવાની બાનાની રકમ | : રૂા. ૧,૦૦,૦૦૦/- |
| (૩) સીક્યુરીટી ડીપોઝીટ | : મંજૂર થયેલ ઓફર મુજબ ભરવાપાત્ર થતી સમગ્ર સમયગાળાની (૦૫ વર્ષની) કુલ રકમના ૫% પ્રમાણે ભરવાની રહેશે. |
| (૪) પર્ફોમન્સ ગેરેન્ટી ડીપોઝીટ | : મંજૂર થયેલ ઓફર મુજબ ભરવાપાત્ર થતી સમગ્ર સમયગાળાની (૦૫ વર્ષની) કુલ રકમના ૫% પ્રમાણે ભરવાની રહેશે. |

# "પરિશિષ્ટ - અ"

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં મહાનગરપાલિકા હસ્તકના બનાવવામાં આવેલ સ્વિમિંગ પુલને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવા અંગે ઇજારો આપવાના કામે લાભ લેનાર લાભાર્થીઓ/ગ્રાહકો પાસેથી વસુલ કરવાના મહત્તમ દર

| અ.નં. | એકટીવીટીઝ | ક્ષેત્રફળ (મીટર) | માસિક ફી | | ત્રિમાસિક ફી | | અર્ધ વાર્ષિક ફી | | વાર્ષિક ફી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૮ વર્ષથી નીચેના | ૧૮ વર્ષથી ઉપરના | ૧૮ વર્ષથી નીચેના | ૧૮ વર્ષથી ઉપરના | ૧૮ વર્ષથી નીચેના | ૧૮ વર્ષથી ઉપરના | ૧૮ વર્ષથી નીચેના | ૧૮ વર્ષથી ઉપરના |
| ૧ | સ્વીમીંગ પુલ | (૧૫ x ૨૫ ) મી. | ૭૦૦ | ૧૦૦૦ | ૧૮૦૦ | ૨૫૦૦ | ૩૫૦૦ | ૫૦૦૦ | ૬૦૦૦ | ૯૦૦૦ |

<u>મિનીમમ મેન પાવર :-</u>

(૧) સ્વીમીંગ પુલ માટે બે ટ્રેનર (ઓથોરાઇઝડ)

(૨) ૩-હેલ્પર( લાઈફ ગાર્ડ – તરવૈયા )

(૩) ઓપરેટર -૧

(૪) સિક્યુરીટી ગાર્ડ બે (૨)

(૫) મેનેજર એક (૦૧) ( સ્વીમીંગ પૂલ માટે )

(૬) રિસેપ્નીસ (૦૧)

(૭) ત્રણ (૩) હેલ્પર સાફ-સફાઈ માટે

## ટેન્ડરની શરતો

(૧) ડોક્યુમેન્ટ ફી તથા બાનાની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેક સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેન્કનો મ્યુનિસિપલ કોર્પોરેશન સિટી ઓફ વાપીના નામનો હોવો જોઈએ. ડોક્યુમેન્ટ ફી તેમજ નિયત બાનાની રકમ વગરનું કવર સ્વીકાર્ય ગણાશે નહીં અને રદ થવાને પાત્ર રહેશે.

(૨) ઇજારદારે તેમાં ભાવો ઓફર ફોર્મમાં/પ્રાઈસબીડમાં ફક્ત ઇલેક્ટ્રોનીકસ ફોર્મેટમાં ઓનલાઈન નિયત સમયમર્યાદામાં આપવાના રહેશે. ઓફર ફોર્મ/પ્રાઇસબીડ કોઈપણ સંજોગોમાં ફીઝીકલ ફોર્મેટમાં સ્વીકારવામાં આવશે નહીં અને તે રદ થવાને પાત્ર રહેશે.

(૩) શરતી ઓફર/ટેન્ડર રદ થવા પાત્ર છે. ફક્ત ઓનલાઈન ભરવામાં આવેલ ભાવો જ માન્ય ગણાશે.

(૪) ટેન્ડર ફી બાનાની રકમ સાથે સીલબંધ કવરમાં નિયત સમયમર્યાદામાં પહોંચે તે રીતે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી વાપી મહાનગરપાલિકામાં પહોચતા કરવાના રહેશે. ટેન્ડરર/ઓફરરે કવર પર નામ-સરનામા સહિત ટેન્ડર નોટીસ નંબર ઓનલાઈન ટેન્ડર આઈ.ડી.નંબર તેમજ કામનું નામ અવશ્ય જણાવવાનું રહેશે. સ્પીડ પોસ્ટ/રજીસ્ટર પોસ્ટ એ.ડી. સિવાય અન્ય કોઈ રીતે મળેલ કવર સ્વીકાર્ય ગણાશે નહીં તેમજ નિયત મુદ્દત /સમયમર્યાદા બાદ મળેલ કવર રદ થવાને પાત્ર રહેશે.

(૫) ઇજારદારનું ટેન્ડર મંજુર થયેથી સફળ ઇજારદારની મંજુર થયેલ ઇજારાની ઓફર મુજબ કરારનો સમયગાળા માટે ભરવાપાત્ર કુલ રકમના ૫% પ્રમાણે ભરવાપાત્ર પર્ફોમન્સ ગેરેન્ટીની ડીપોઝીટની રકમ રૂ.૨૫.૦૦ લાખથી ઓછી હોય તો બેન્કર્સ ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ થી મહાનગરપાલિકાની કચેરીમાં સીક્યુરીટી તરીકે જમા/ભરપાઈ કરવાની રહેશે. ઇજારદાર ઈચ્છે તો પર્ફોમન્સ ગેરેન્ટી ડીપોઝીટની રૂા.૨૫.૦૦ લાખથી વધુની રકમ માટે રાષ્ટ્રીયકૃત બેન્કની ફીક્સ ડીપોઝીટ રસીદ (FDR) થી પણ રજુ કરી શકશે. ફીક્સ ડીપોઝીટ રસીદની પાકતી મુદતનો સમયગાળો ઇજારાની કામગીરીના નિયત સમગ્ર સમયગાળા ઉપરાંતના વધુ ૦૬(છ) માસ સુધીનો રાખવાનો રહેશે.

(૬) ઇજારદારનું ટેન્ડર મંજુર થયેથી સફળ ઇજારદારની મંજુર થયેલ ઇજારાની ઓફર મુજબ કરારનો સમયગાળા માટે ભરવાપાત્ર કુલ રકમના ૫% પ્રમાણે સીક્યુરીટી ડીપોઝીટની

ભરવાપાત્ર થતી રકમ રૂા.૨૫.00 લાખથી ઓછી હોય તો બેન્કર્સચેક/ડીમાન્ડડ્રાફ્ટ થી મહાનગરપાલિકાની કચેરીમાં સીક્યુરીટી તરીકે જમા/ભરપાઈ કરવાની રહેશે. ઇજારદાર ઈચ્છે તો સીક્યુરીટી ડીપોઝીટની રૂા.૨૫.00 લાખથી ઉપરની રકમ માટે રાષ્ટ્રીયકૃત બેન્કની ફીક્સ ડીપોઝીટ રસીદથી પણ રજુ કરી શકશે. ફીક્સ ડીપોઝીટ રસીદની પાકતી મુદ્દતનો સમયગાળો ઇજારાની કામગીરીના નિયત સમગ્ર સમયગાળા ઉપરાંતના વધુ ૦૬(છ) માસ સુધીનો રાખવાનો રહેશે. સફળ ઇજારદારે મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોક્ત શરત નં-૬) અને ૭) માં જણાવેલ પર્ફોમન્સ ગેરેન્ટી ડીપોઝીટ તેમજ સીક્યુરીટીની રકમ જમા/ ભરપાઈ કરવાની મુદ્દત નવા કામ કે જેના માટે સ્થળ ઉપર શરૂ કરવામાં આવેલ/થતી હોય તેવા કામ માટે વર્કઓર્ડર/એલોટમેન્ટ લેટરની તારીખ થી દિન-૧૫ (પંદર) ની રહેશે. ત્યારબાદ ૦.૦૬૫% પ્રતિદિન વિલંબ પ્રમાણે પેનલ્ટી વસૂલવામાં આવશે.

(૭) ટેન્ડર/વર્કઓર્ડર/એલોટમેન્ટ લેટર/એગ્રીમેન્ટની શરતો પૈકી કોઈપણ શરતનો ઇજારદાર દ્વારા ભંગ કરવામાં આવશે/પાલન કરવામાં કસુર કરશે તો વાપી મહાનગરપાલિકા ખાતે જમા તમામ પ્રકારની ડીપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે. તેમજ તે બાબતે નોટીસ વ્યવહાર પછી અથવા કોઈપણ પ્રકારની નોટીસ વિના ઇજારદારની ઈજારો તત્કાલ રદ કરવાનો વાપી મહાનગરપાલિકાને અધિકાર રહેશે. કરારના ભંગના પરિણામે મહાનગરપાલિકા જે કઈ નુકશાન થશે તે માટે ઈજારદાર ભરપાઈ કરવા જવાબદાર રહેશે. ઇજારદારે શરતોનો ભંગ કર્યો છે કે કેમ અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહીં તેમજ પેનલ્ટી કરવા બાબતે મહાનગરપાલિકા નિર્ણય છેવટનો ગણાશે અને ઇજારદારને તે બંધનકર્તા રહેશે તથા તે અંગે ઇજારદારને કોઈપણ પ્રકારના વળતર મેળવવાનો હક્ક/અધિકાર રહેશે નહીં.

(૮) ઇજારદાર તરફથી મહાનગરપાલિકા કચેરીમાં ઉપરોક્ત શરત નં-૫) અને ૬) માં જણાવેલ પર્ફોમન્સ ગેરેન્ટી ડીપોઝીટ તેમજ સીક્યુરીટી ડીપોઝીટની રકમ ઇજારો પુર્ણ થયા બાદ ઇજારદાર તરફથી ઇજારાના સંચાલનની કામગીરી સંતોષકારક / ક્ષતિઓ રહિત શરત નં-૦૭) ને આધીન યોગ્ય જણાયે મુક્ત કરવામાં આવશે.

(૯) ઇજારદારનું ટેન્ડર મંજુર થયા મુજબની જાણ ઇજારદારને કર્યેથી જરૂરી સીક્યુરીટી ડીપોઝીટ તેમજ પર્ફોમન્સ ગેરેન્ટી ડીપોઝીટની રકમ ભરી જરૂરી કરાર કરી સ્થળ ઉપર

ઇજારા મુજબની કામગીરી શરૂ કરી લેવાની રહેશે. સદરહુ ઇજારાની મુદ્દત ઇજારદારને સ્થળ પર કામ શરૂ કરવા માટે આપવામાં આવનાર વર્કઓર્ડર/એલોટમેન્ટ લેટર/પરવાનગી પત્રમાં જણાવેલ તારીખથી ગણવાની રહેશે.

(૧૦) મહાનગરપાલિકાએ નક્કી કરેલ સ્વિમિંગ પુલની ફીસમાં દર વર્ષે મહત્તમ ૧૦ %નો વધારો ઇજારદારશ્રી કરી શકશે. જે અંગેની જાણ મહાનગરપાલિકાને કરવાની રહેશે. ઇજારદારશ્રી નક્કી કરેલ ફીસથી ઓછા ભાવે સ્વિમિંગ પુલની ફીસ લઈ શકશે. તથા ઇજારદારશ્રી તેઓની રીતે અત્રેથી નક્કી કરેલ સ્વિમિંગ પુલની ફીસમાં લાભદાયી સ્કીમો આપી શકશે.

(૧૧) સફળ ઇજારદારે વાપી મહાનગરપાલિકા સાથે અમલીકરણ બાબતે પ્રવર્તમાન નિયમ મુજબના જરૂરી એગ્રીમેન્ટ પ્રવર્તમાન નિયમ મુજબના સ્ટેમ્પ પેપર પર સ્વખર્ચે કરવાનો રહેશે. સફળ ઇજારદારે નિયમ મુજબ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર મહાનગરપાલિકા સૂચવે તે મુજબ સ્યોરીટી બાબતનું લખાણ સ્વખર્ચે કરી આપવાનું રહેશે.

(૧૨) ઇજારો મંજુર થતાં ઇજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પૂરેપૂરું ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર, ઇ-મેઈલ એડ્રેસ વિગેરે વિગતો પૂરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક વાપી મહાનગરપાલિકાને લેખિતમાં કરવાની રહેશે. ઇજારદારે જણાવેલ સરનામાં ઉપર વાપી મહાનગરપાલિકા દ્વારા જે કાઇ પત્રવ્યવહાર કરવામાં આવે તે ઇજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૧૩) ઇજારદારે જમા કરાવેલ ચેક બાઉન્સ/પરત થવાના સંજોગોમાં વાપી મહાનગરપાલિકા ટેન્ડર/ઇજારદાર સામે નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ. રૂ.૨૦૦૦/- અથવા પ્રતિ લાખની રકમ માટે રૂ.૫૦૦૦/- દંડ પેટે બે માથી જે વધુ હશે તે વસુલ લેવામાં આવશે.

(૧૪) ઇજારદાર તરફથી સાઇટ ઉપર જે માણસો રોકવામાં આવે તે અંગે રાજય સરકાર, કેન્દ્ર સરકાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના તમામ લાગુ પડતા નીતિ નિયમોનું કાયદાની મર્યાદામાં રહી પાલન કરવાનું રહેશે. ઇજારદારે સ્થળ ઉપર રોકેલ માણસોને લઘુત્તમ વેતનથી ઓછો પગાર આપી શકશે નહીં. જો ઇજારદાર તરફથી આવા કોઈ પણ નીતિ

નિયમ કાયદાનું પાલન થાય નહીં/ઉલ્લંઘન થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઇજારદારની રહેશે અને વાપી મહાનગરપાલિકાને એવા ઉલ્લંઘન માટે કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકશે નહી.

(૧૫) ટેન્ડર ભરનાર ઈજારદારશ્રીએ તેઓની કંપની કોઈ જગ્યાએ બ્લેકલિસ્ટ થયેલ નથી કે ડીફોલ્ટર નથી તે અંગેનું સેલ્ફ એટેસ્ટેડ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૬) ઈજારદારશ્રીનું છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષનું લઘુતમ સરેરાશ વાર્ષિક ટર્નઓવર ૫૦ લાખ રૂપિયા હોવું જોઈએ.

(૧૭) સદર કામમાં જી.એસ.ટી. (GST)ના કાયદા હેઠળ જી.એસ.ટી લાગુ પડે છે કેમ કેટલા ટકા તેમજ HSN/SAC કોડ ઇજારદારે પોતાના સી.એ. પાસેથી મેળવી ટેન્ડર સાથે સબમીટ કરવાનું રહેશે. ઇજારદારે જી.એસ.ટી.નંબર/જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની નકલ ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા વખતોવખત લાગુ કરવા પાત્ર કર ભરવાનો રહેશે.

(૧૮) ટેન્ડર માટે બાનાની રકમ તથા ટેન્ડર ફી ના ડીમાન્ડ ડ્રાફટ ઓનલાઈન સ્કેન (કલર સ્કેન) કરી ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં ટેન્ડર અપલોડ કરવાના રહેશે. આ પ્રકારે રજુ થયેલ વિગતે બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ ગણવાની રહેશે અને તદઅનુસાર ટેન્ડર ખોલવામાં આવશે તે અનુસાર ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ હોય તેની જ ઓફર ખોલવામાં આવશે. ખરેખર ચુકવણી માટે ટેન્ડર ભરનારે ડીમાન્ડ ડ્રાફ્ટ અસલમાં રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ થી મહાનગરપાલિકામાં અપલોડીંગની છેલ્લી તારીખથી નિયત કરેલ તારીખ સુધીમાં મળે તે અનુસાર રજુ કરવાના રહેશે. અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ નહીં મોકલનાર સામે શિક્ષાત્મક પગલાં (ટેન્ડર ફી તેમજ બાનાની રકમ નિયત સમયમાં ઇજારદાર ન ભરે તો ઇજારદારની નોંધણી એક વર્ષ માટે એબેન્સમાં રાખવાની કાર્યવાહી કરી ઇ-ટેન્ડરીંગનો કોડ એક વર્ષ માટે રદ કરાશે) લેવામાં આવશે. ટેન્ડર બીડના માટે જરૂરી આધાર માટેના કોઈપણ ડોકયુમેન્ટ ઓનલાઈન ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે અને હાર્ડકોપી અલાયદી રીતે સ્વીકારવામાં આવશે નહીં.

(૧૯) વિધાર્થીઓને (ધોરણ ૧ થી ૧૨) માટે મંજુર થયેલ સ્વિમિંગની ફી ના ૩૦% કન્સેશન આપવાનું રહેશે.

(૨૦) ટેન્ડર ભરનાર ઈજારદારશ્રીને સ્વીમીંગ પુલ/સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનાં સંચાલન અંગેનો ઓછામાં ઓછા ૨ વર્ષનો અનુભવ હોવો જોઈએ. જે માટેના વર્ક ઓર્ડર, સંતોષકારક કામગીરી અંગેના અનુભવના પ્રમાણપત્રની સર્ટીફાઈડ કોપી બિડાણ તથા ઓનલાઈન કરવાની રહેશે.

(૨૧) ઇજારદાર પોતાનો ઇજારો / પરવાનો બીજા પેટા ઇજારદારને તબદીલ કરી શકશે નહીં. જો તેમ કરેલ જણાશે તો ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા માટેની તથા ટેન્ડર શરતો મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાળી યાદીમાં મુકવા સુધીની કાર્યવાહી વાપી મહાનગરપાલિકા, વાપી કરી શકશે.

(૨૨) ઈજારદારશ્રીને સ્વિમીંગ પુલ કેમ્પસમાં એડવર્ટાઈઝમેન્ટ/જાહેરાત કરવા માટેના હક રહેશે. જે અંગેની આવક એજન્સીની રહેશે. પરંતુ આલ્કોહૉલ (દારૂ), તમાકુ, સિગારેટ, પર્યાવરણ માટે જોખમી ઉત્પાદનો અને અશ્લીલ/આક્રમક જાહેરાતોનો એડવર્ટાઈઝમેન્ટ/પ્રચાર કરવો નહી.

(૨૩) ઈજારદારશ્રીને સુવિધાના જાળવણી માટે સાપ્તાહિક રજા રાખવાની મંજૂરી આપવામાં આવશે.

(૨૪) સ્વિમીંગ પુલ માટે આખા વર્ષ દરમ્યાન જરૂરી પાણી વાપી મહાનગરપાલિકા દ્વારા પૂરું પાડવામાં આવશે. પરંતુ તે માટેની મોટર કે અન્ય રીપેરિંગ ઈજારદારશ્રીના સ્કોપમાં રહેશે.

(૨૫) ઈજારદારશ્રી પોતાની સુવિધાઓનો પ્રચાર કરવા અને નાગરિકોને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ ઈવેન્ટનું આયોજન કરી શકશે. જે અંગેની આવક એજન્સીની રહેશે. તથા ઈવેન્ટ માટેની જાણ વાપી મહાનગરપાલિકાને કરવાની રહેશે.

(૨૬) સ્વિમીંગ પુલ કેમ્પસમાં ઈજારદારશ્રી ફૂડ કોર્ટ બનાવી શકશે. અને તે ફૂડ કોર્ટમાં ખાદ્ય સામગ્રી અંગે વેચાણનો હક ઈજારદારશ્રીનો રહેશે. આ માટે સબંધિત વિભાગ પાસેથી ફૂડ અંગેના લાઈસન્સ ઈજારદારશ્રીએ સૌપ્રથમ લેવાના રહેશે અને મહાનગરપાલિકાને રજૂ કરવાના રહેશે ત્યારબાદ જ ફૂડ કોર્ટ શરૂ કરી શકશે.

(૨૭) સ્વિમીંગ પુલમાં આવતા શિખાઉ સભ્યોએ પ્રથમ માસમાં કોચિંગ ફી તરીકે રૂ-૫૦૦/- વધારાની ફી ચૂકવવાની રહેશે. બીજા માસથી નિયત કરેલ સ્વિમીંગ ચાર્જ ચૂકવવાનો રહેશે.

(૨૮) મહાનગરપાલિકાએ સ્વિમિંગ પુલના સંચાલન દરમ્યાન માસિક/ત્રિમાસિક પાસ સ્વિમિંગ પુલના સભ્યોને ઈસ્યુ કરેલ હોય તેવા કિસ્સામાં જે-તે સભ્યોની મુદ્દત/વેલડિટી જ્યાં સુધી હોય ત્યાં સુધી તેઓ સ્વિમિંગ કરી શકશે. ઈજારદારશ્રી તેઓને અટકાવી શકશે નહી.

(૨૯) સદરહુ સ્વીમીંગ પુલની બહાર વાપી મહાનગરપાલિકાનું કોમન પાર્કિંગ એરિયા આવેલ છે. જે કોમન પાર્કિંગમાં સદરહુ સ્વીમીંગ પુલને લાગુ મિલકત પણ વાપી મહાનગરપાલિકાનું સ્પોર્ટ કોમ્પ્લેક્ષ/ગાર્ડન હોય જેમાં આવતા સભ્યો પણ કોમન પાર્કિંગમાં ગાડી પાર્ક કરી શકશે. જે અંગે ઈજારદારશ્રી દ્વારા સદરહુ બાબત માટે કોઈ તકરાર કરવાનો રહેશે નહી.

(30) સદરહુ સ્વીમીંગ પુલમાં સ્ટીમ બાથ (૨.૫૪*૧.૬૨ મીટર), સોના બાથ (૨.૭૪*૧.૮૨ મીટર) નો પણ સમાવેશ થયેલ છે. સદરહુ સ્ટીમ બાથ અને સોના બાથના મહતમ દર નક્કી કરવાના હક ઈજારદારશ્રીના રહેશે. તથા સ્ટીમ બાથ અને સોના બાથનું મેઈન્ટેન્સ ઈજારદારશ્રીએ કરવાનું રહેશે.

(3૧) સદર કામમાં સ્વીમીંગ પુલનાં ફિલ્ટ્રેશન પ્લાન્ટ,વાલ્વ, મોટર રીપેરીંગ, સિવિલ વર્ક અને અન્ય કોઈ પણ નાનું-મોટુ સ્વીમીંગ પુલ, બિલ્ડિંગ તથા સ્વિમિંગ પુલના કેમ્પસનું મેઈન્ટેન્સ રૂ.30,000/- સુધીનું ઇજારદારે કરવાનું રહેશે. વાપી મહાનગરપાલિકા ફક્ત રૂ.30,000/- થી વધુના ખર્ચના મેઈન્ટેનન્સને લગતા કામો કરશે. મેઈન્ટેનન્સને લગતું મેજર કામ જરૂરી જણાય તો ઈજારદારે વાપી મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે.

## ટેન્ડરની શરતો (ટેકનીકલ બીડ)

૧. સદર સ્વીમીંગપૂલમાં ૧૫મી.x૨૫મી. પુલ, રીસેપ્શન એરીયા,ફિલ્ટ્રેશન પ્લાન્ટ,જરૂરી સ્ટ્રીટ લાઇટ સાથે પાવર,લૉકર રૂમ(સ્વીમર્સ માટે),એડમીન ઓફીસ( બેઝીક ફર્નિચર,પંખા અને એ.સી સાથે),બાથરૂમ, ટોઈલેટ, સ્ટીમ બાથ,સોના બાથ, સી.સી.ટી.વી.કેમેરા, ચેન્જીગ રૂમ(Male & Female )નો સમાવેશ થયેલ છે.

(એ). રેન્ટ યાને ભાડુઃ

૧. સદર સ્વીમીંગ પૂલ ૫(પાંચ)વર્ષ માટે વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને ઈજારારૂપે આપેલ ઇજારો દર વર્ષે રીવ્યુ કરવામાં આવશે. જેનું પ્રથમ ૬ (છ) માસનું એડવાન્સ ભાડુ કરાર થયેથી મહાનગરપાલિકાને ચૂકવવાનું રહશે. ત્યારબાદ વર્ક ઓર્ડર ઈસ્યુ કરવામાં આવશે.અને ૬ (છ) માસ પૂર્ણ થયેથી પ્રથમ સપ્તાહમાં બાકીના ૬ (છ) માસનું ભાડું ચૂકવવાનું રહેશે. ત્યારબાદ દર વર્ષે ભાડાની રકમમાં ૧૦ % વધારા સાથે એક વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ સપ્તાહમાં એડવાન્સમાં ૬ (છ) માસનું ભાડું જી.એસ.ટી., અન્ય ટેક્ષ સહિત ભરવાનું રહેશે. જે ઇજારદારને બંધનકર્તા રહેશે.

૨. ઇજારદારે G.S.T.સાથેના ભાવો ભરવાના રહેશે.

3. ઈજારાદારએ જે કોઈ ઇજારાપેટે ચૂકવવાની રકમ વાપી મહાનગરપાલિકાના એસ્ટેટ શાખાને ચેકથી અથવા ઓનલાઈનથી ચુકવવાનું રહેશે અને તે અંગેની રીસીપ્ટ તથા ટેક્ષ ઈન્વોઈસ ટેન્ડરની શરત અનુસાર ઈજારાદારે વાપી મહાનગરપાલિકાના એસ્ટેટ શાખા પાસેથી લેવાનું રહેશે. અને બાદમાં તે અંગેની કોઈ તકરાર ચાલશે નહી.

(બી) પરવાનાની મુદ્દત :

૧. સદર પરવાનાની મુદ્દત ૫(પાંચ)વર્ષનો સમયગાળો પૂર્ણ થયા બાદ ઈજારાદારએ વાપી મહાનગરપાલિકાને સ્વીમીંગ પૂલનો કબજો સારી હાલતમાં જાહેર બાંધકામ તથા પાણી પુરવઠા વિભાગને નિરીક્ષણ કરાવ્યા બાદ તેઓના અભિપ્રાયને આધીન સુપ્રત કરી દેવાનો રહેશે.

૨. સદર પરવાનાની મુદ્દત ૫(પાંચ) વર્ષ માટે હોઈ અને ત્યારબાદ જો ઈજારાદાર વધુ સમય માટે સદર સ્વીમીંગ પૂલ ઇજારા ઉપર રાખવા માંગતા હોય તો નિતીનિયમો મુજબ વાપી મહાનગરપાલિકાને અરજી રજુ કર્યેથી જો કામગીરી સંતોષકારક કરેલ હોય અને ટેન્ડરની શરતોનું પાલન કરેલ હોય તો મહાનગરપાલિકા ઈચ્છે તો મહત્તમ વધુમાં વધુ ૨ વર્ષ માટે કરાર રીન્યુ કરી શકશે. જે વખતે મહાનગરપાલિકા ઈજારદારે

આપવાના થતાં ભાડા બાબતે મંજૂર ભાડું ચાલુ રાખવું કે ભાડામાં વધારો કરવો તે અંગે નિર્ણય લેશે. જે નિર્ણય આખરી ગણવામાં આવશે.

**(સી) યુટીલીટી ચાર્જીસ, ટેક્સીસ**

૧. સ્વીમીંગ પૂલમાં ઈજારાની મુદત સુધીના જે કોઈ સરકારી, અર્ધ સરકારી કે સ્વાયત સંસ્થાના નાણા જેવા કે ઈલેક્ટ્રીસીટી બીલ, પ્રોપર્ટી ટેક્ષ, વોટર ચાર્જીસ, કર્મચારીઓના સેલરી અને વેઝીસ અને બીજા અન્ય ટેક્સીસ તમામ ભરવાની જવાબદારી ઈજારાદારની રહેશે. મહાનગરપાલિકાએ સોલાર સિસ્ટમ લગાવેલ છે. જેનો યુનિટ ઈલેક્ટ્રીસીટી બીલમાં મજરે મળી શકશે. સોલાર સિસ્ટમના **મેઈન્ટેન્સ**ની જવાબદારી ઈજારદારની રહેશે.

**(ડી) વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને આપવાની સગવડો:**

૧. વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને સ્વીમીંગ પૂલ માટે સરકારી તથા અર્ધ સરકારી ખાતાઓ માટે જે કોઈ પરવાનગી લેવાની હોય તે અંગે સહકાર આપવાનો રહેશે.

૨. વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને સ્વીમીંગ પૂલ માટે વોટર કનેકશન, ઈલેક્ટ્રીક કનેકશન, સીવેજ/ ડ્રેનેજ કનેક્શન તથા અન્ય જે કોઈ ખાતામાંથી કનેકશન લેવાના હોય તે અંગે સહકાર આપવાનો રહેશે.

૩. વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને સ્વીમીંગ પૂલ અંગે એનવાયરમેન્ટ ઓથોરીટી તથા અન્ય લોકલ ઓથોરીટી, પોલીસ ઓથોરીટી, પી.ડબલ્યુ.ડી. ઓથોરીટી, લીફ્ટ લાયસન્સ રીન્યુ સંદર્ભે ઓથોરીટી તથા લીગલ ઓથોરીટી વિગેરે અન્ય જે કોઈ ઓથોરીટીમાં જે કોઈ પરવાનગી મેળવવાની થાય તે અંગે સહકાર આપવાનો રહેશે.

૪. સ્વીમીંગ પૂલમાં ડ્રેનેજ લાઈનમાં તકલીફ થાય અથવા પાણી કનેકશન અંગે તકલીક ઉત્પન્ન થાય તો તે અંગે વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને તે અંગે યોગ્ય સહકાર આપવાનો રહેશે.

૫. સ્વીમીંગ પૂલમાં સેફ્ટીને લગતા સાધનો વસાવવા તથા કોઈ એકટીવીટી માટે નવા ઈકવીપમેન્ટ લાવવા અંગે જે કોઈ કાર્યવાહી કરવાની જરૂર પડે તો વાપી મહાનગરપાલિકા, વાપીને લેખિતમાં જાણ કરી વાપી મહાનગરપાલિકા દ્વારા મંજૂરી આપ્યા બાદ જ ઈજારાદારે કરવાની રહશે.

(ઈ) ઈજારાદારે આપવાની સગવડોઃ

૧. ઈજારાદારએ સ્વીમીંગ પૂલમાં જે કોઈ ઈકવીપમેન્ટ ઈનસ્ટોલ કરેલ છે તેની સમયાંતરે જાળવણી, સાચવણી તથા રીપેરીંગ કરવાના રહેશે અને નવા કોઈ ઈકવીપમેન્ટ ઈનસ્ટોલ કરે ત્યારે મિલ્કતને નુકશાન નહિ થાય તે રીતે સાવચેતી રાખવાની રહેશે. ઈજારાદારએ તેમના ખર્ચે ફિલટેરશન માટે જરૂરી કેમિકલ/ક્લોરિનેશન વિગેરે મટિરિયલ યોગ્ય ગુણવતાના તથા યોગ્ય માત્રામાં ઉપયોગ કરી પાણીની ગુણવતા જાળવવાની રહેશે.

૨. સદરહુ સ્વીમીંગ પૂલમાં મેમ્બરશીપ લીધેલ સભ્યો/તરવૈયાઓને કોઈ પણ નુકસાન કે જાનહાનિ થાય તો તેની સપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે. તે બાબતે વાપી મહાનગરપાલિકાના કોઈ પણ અધિકારી/કર્મચારીની જવાબદારી રહેશે નહી.તથા સ્વીમીંગ પૂલમાં મેમ્બરશીપ લીધેલ વ્યક્તિ જ પ્રવેશે તે માટે આઈ-ડી કાર્ડની ચકાસણી કરી પ્રવેશ આપવાની જવાબદારી ઇજારદારની રહેશે. જો કોઈ વ્યક્તિ સ્વીમીંગ પૂલમાં અનઅધિકૃત રીતે પ્રવેશી સ્વીમીંગ કરશે અને વ્યક્તિને કંઈ પણ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.

૩. સ્વીમીંગ પૂલનો ઉપયોગ ભારતના તમામ નાગરિક કરી શકશે સિવાય કે અસામાજિકતત્વો યા દેશ વિરોધી પ્રવૃતિ કરતા હોય યા તેવા ગુનામાં સંડોવાયેલા હોય તેવા ઈસમોને સ્વીમીંગ પુલનો ઉપયોગ કરવા દઈ શકાશે નહિ. તથા મહાનગરપાલિકાનાં સુપરવાઇઝરને/અધિકારીને તેવા કોઈ મેમ્બર ત્યા ઈસમ ઉપર તે અંગે કોઈ શંકા હોય તો તેવા ઈસમની મેમ્બરશીપ રદ કરવાની રહેશે.

૪. વાપી મહાનગરપાલિકા ના અધિકારી/કર્મચારીઓ યા તેની સાથેના માણસો સ્વીમીંગ પૂલ તથા તેના ઈકવીપમેન્ટ સાધનો, પાણી, કર્મચારીઓ,ટ્રેનરો ગમે ત્યારે અને ગમે તે સમયે મુલાકાત લઈ શકશે તથા નિરીક્ષણ યા ચકાસણી યા ચેકીંગ કરી શકશે અને તેમાં ઈજારાદારએ કોઈ વાતો પર તકરાર કરવા-કરાવવાની નથી પરંતુ તે અંગે સહકાર આપવાનો રહેશે તથા તેઓશ્રી ધ્વારા જે કંઈ પણ ઈજારાદારને સુચનો કરવામાં આવશે તેઓ તાકીદે ઈજારાદારે અમલ કરવાનો રહેશે.

૫. ઈજારદારે સ્વીમીંગ પૂલનાં તમામ સાધનો,ફીલ્ટ્રેશન પ્લાન્ટ, અન્ય તમામ સુવિધાઓનો સારી રીતે ઉપયોગ અને વપરાશ કરી શકે તે માટે યોગ્ય લાયક ધરાવતા ટ્રેનરો/ઓપરેટર બેચની સંખ્યા અનુસાર રાખવાના રહેશે.

૬. સ્વીમીંગ પુલનાં વપરાશ અંગેની તમામ પરવાનગીઓ અને તે અંગેના લાયસન્સ ઈજારાદારને પોતાના ખર્ચે મેળવવાના રહેશે અને તેવી તમામ પરવાનગી અને લાયસન્સ રીન્યુ કરાવવા અંગેની તમામ પ્રક્રિયા પણ ઈજારાદારએ સમયાંતરે કરાવી લેવાની રહેશે.

૭. ઈજારાદારને ફક્ત સ્વીમીંગપુલનાં સંચાલનની કામગીરી કરવાની રહેશે. તેના સિવાયની કોઈ પણ પ્રવૃતિકરણી કરાવવી નહી અને જો કોઈ સંજોગોમાં તેવી કોઈ પણ પ્રવૃતિ કરવામાં આવતી હોય તો તે અંગેની તમામ જવાબદારી ઈજારાદારશ્રીની રહેશે.

૮. સ્વીમીંગ પુલ કેમ્પસમાં ૫(પાંચ) વર્ષની સમયમર્યાદા માટે મિલ્કતની સોંપણી કરવામાં આવી હોય તે દરમ્યાન ઈજારાદારના કબ્જાવાળી મિલ્કતમાં કોઈ પણ પ્રકારના અકસ્માતો થાય યા નુકશાન થાય તે અંગેની તમામ જવાબદારી ઈજારાદારની રહેશે.

૯. સદરહું મિલ્કતનો વપરાશ ૫(પાંચ) વર્ષ પૂર્ણ થયેથી ઈજારાદારને શાંત પ્રત્યક્ષ અને તાળાબંધી કબજો સુપ્રત કરવાનો રહેશે.

૧૦. સ્વીમીંગ પુલનાં કેમ્પસનો ઈજારાદારે ઇજારાના સમયગાળા દરમ્યાનનો પબ્લીક લાયેબીલીટી ઈન્સ્યુરન્સ પોલીસી કાયદાકીય જરૂરીયાત મુજબ ફરજીયાત ઉતારવાનો રહેશે અને તે પોલીસીની એક નકલ વાપી મહાનગરપાલિકાને આપવાની રહેશે.

૧૧. સ્વીમીંગ પૂલમાં આવતા સભ્યો, તમામ ઈકવીપમેન્ટ તથા કામ કરતાં ટ્રેનરો, કર્મચારી, તમામની ઈન્સયોરન્સ પોલીસી ઉતારવાની રહેશે અને તેનો રેકર્ડ મેઈનટેઈન કરવાનો રહેશે.

૧૨. ઈજારદારએ સ્વીમીંગ પુલનાં સભ્ય તથા તે સિવાયના અન્ય કોઈ પણ બહારની વ્યક્તિઓને દાખલ કરવા કરાવવા નહી તથા સ્વીમીંગ પૂલમાં જે કોઈ સભ્ય યા વીઝીટર્સ આવે તો તેની વીઝીટબુકમાં તમામ વિગતો રાખવી તથા તે વિઝીટર્સની સહી વિઝીટર્સ બુકમાં લેવી તથા તેની સામે ઈજારાદારના ઓથોરાઈઝરી પ્રતિનિધીએ તેની સામે વખતોવખત કાઉન્ટર સહી પણ કરવી અને સદર વીઝીટર્સ બુક મેઈનટેઈન કરવી તથા અલગથી ફરીયાદ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧૩. ઈજારાદારે સ્વીમીંગ પૂલમાં કોઈ એકસીડન્ટ યા અણબનાવ અંગે યોગ્ય મેડીકલ સેફટી સીસ્ટમની સગવડ રાખવાની રહેશે.

૧૪. ઈજારદારે ફાયર સેફટીના તમામ ઈકવીપમેન્ટ,સાધન સામગ્રીઓ રાખવાની રહેશે અને તે ફાયર સેફટી સક્ષમ અધિકારીશ્રીથી પ્રમાણિત કરાવવાની રહેશે અને વાપી મહાનગરપાલિકા પાસેથી મંજુર કરાવવાની રહેશે તથા સમયાંતરે તેની યોગ્ય ચકાસણી અને રીન્યુઅલ કરાવવાની રહેશે.

૧૫. સ્વીમીંગ પૂલમાં ઈલેક્ટ્રીક ફોલ્ટ, વોટર કનેકશન ફોલ્ટ, ડ્રેનેજ ફોલ્ટ, એર કંડીશન ફોલ્ટ યા અન્ય કોઈ સાધન સામગ્રીમાં ફોલ્ટ થાય યા બગડે તો તે તાકીદે ઈજારદારે રીપેર કરાવવાની રહેશે.

૧૬. ઈજારદારએ સદર સ્વીમીંગ પૂલ અંગે ગવર્મેન્ટ તથા સેમી ગર્વમેન્ટની ઓથોરીટીમાંથી તથા વાપી મહાનગરપાલિકાના જે લાગુ પડતા વિભાગમાંથી જે કોઈ પરવાનગી મેળવવાની થાય તે પોતાના ખર્ચે મેળવવાના રહેશે. તમામ સરકારી, અર્ધ સરકારી તથા વાપી મહાનગરપાલિકાની યા જે કોઈ કચેરીના નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે તથા ઉપરોકત કચેરીઓએ જે કોઈ પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ મુક્યો હોય તેવી કોઈ પ્રવૃત્તિઓ ઈજારાદારએ કરવા/કરાવવાની નથી તેમજ કાયદાએ નિષેધ કરેલ કોઈ પણ કૃત્યો કરવા/કરાવવા નહી.

૧૭. સ્વીમીંગ પૂલ કેમ્પસનો કબજો ફકત ઈજારદારએ જ રાખવાનો છે અને ઈજારદાર સિવાય અન્ય કોઈને ઈજારાવાળી મિલ્કત ટ્રાન્સફર કરવા-કરાવવાની નથી તેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧૮. સ્વીમીંગ પૂલમાં ઈજારદારે મહાનગરપાલિકાએ લગાવેલ સી.સી.ટી.વી કેમેરા સિવાય પણ તમામ જગ્યા કવર થાય તે રીતે વધારાનાં સી.સી.ટી.વી. કેમેરા જરૂરિયાત મુજબ લગાડવાના રહેશે અને તેના કોમ્પ્યુટર તથા હાર્ડડીસ્ક તથા મેમરીની યોગ્ય રીતે જાળવણી કરવાની રહેશે અને વાપી મહાનગરપાલિકા યોગ્ય અધિકારી તે ચકાસણી યા ચેકીંગ કરવા આવે તો તેની માહિતી આપવાની રહેશે.

(એફ) ઇજારાના હકકો:

૧. સ્વીમીંગ પૂલ કેમ્પસ વાળી મિલ્કત ઈજારાદારને ૫(પાંચ)વર્ષ માટે ભાડે આપેલ હોય તે સંજોગોમાં ઈજારદાર સદર સ્વીમીંગ પૂલ વાળી મિલ્કતમાં જે કોઈ ટ્રેનરો/કોચ તથા માણસો રાખવા, તેને કાઢી નાખવા, તેની નવનિયુક્ત કરવા, તેવા તમામ હકકો ઈજારાદારના રહેશે. ટ્રેનર્સ યા કોચ તથા અન્ય કોઈ માણસો ઈજારાદાર રાખે તો તે કર્મચારીઓના નામ, એડ્રેસ તથા આધારકાર્ડની નકલની વિગતો વાપી મહાનગરપાલિકાને જમા કરવાની રહેશે. કોઈ કર્મચારીને લગતી કોઈ ફરિયાદ મહાનગરપાલિકાને મળશે તો તે અંગે મહાનગરપાલિકાની સૂચના મુજબ પગલાં લેવાના રહેશે.

(જી) ટર્મીનેશન ઓફ લીઝ (ભાડા કરારનો અંત):

વાપી મહાનગરપાલિકા દ્વારા ઈજારદારને સદર ઇજારાના એગ્રીમેન્ટને ટર્મીનેટ કરવો હોય તો તે અંગે યોગ્ય કારણ જણાવી ૩૦ દિવસ પહેલા ઈજારદારને ટર્મીનેશન અંગેની કારણદર્શક નોટીસ આપવાની રહેશે અને તે રદ કરવાના કારણો જણાવવાના જોઈશે. જે પૈકીના કેટલાક કારણો નીચે મુજબ છે.

૧. ઈજારદાર સ્વીમીંગ પૂલ માટેના વર્કઓર્ડર મળ્યેથી એક માસમાં સંપૂર્ણ રીતે સંચાલન ચાલુ કરવાનું રહેશે અને જો તેમ ઈજારદાર ન કરે તો વાપી મહાનગરપાલિકા ઈજારદારનો એગ્રીમેન્ટ ટર્મીનેટ કરી શકશે.

૨. ઈજારદાર સ્વીમીંગને લગતી એકટીવીટી સિવાયની અન્ય કોઈ એકટીવીટી સ્વીમીંગ પૂલમાં ચલાવે અને તે અંગે વાપી મહાનગરપાલિકા પાસેથી કોઈ લેખિત મંજુરી લીધેલ ન હોય તેવા સંજોગોમાં વાપી મહાનગરપાલિકા ઇજારદારના એગ્રીમેન્ટ ગમે ત્યારે રદ કરી શકશે.

૩. ઈજારદારે સદર સ્વીમીંગ પૂલમાં કાયદાએ નિષેધ કરેલ કોઈ કૃત્ય યા કોઈ ગેરકાયદેસર પ્રવુતિ કરે તો વાપી મહાનગરપાલિકા આ ઇજારદારનો એગ્રીમેન્ટ રદ કરી શકશે.

૪. ઈજારાદાર આ ભાડાપટ્ટાની તમામ શરતોનું સંપુર્ણતઃપાલન કરવામાં કસુર કરે તો વાપી મહાનગરપાલિકા આ ઇજારદારનો એગ્રીમેન્ટ રદ કરી શકશે.

(એચ) ડીસપ્યુટ (વિવાદ):-

૧. વાપી મહાનગરપાલિકા તથા ઈજારદાર વચ્ચે સદર સ્વીમીંગ પૂલ વાળી તથા તેની એકટીવીટી યા અન્ય કોઈ બાબતે તકરાર થાય તો તે બન્ને પક્ષનાઓ એ સમજાવત-પટાવટથી તેનો નિવેડો લાવવાનો રહેશે અને જો કોઈ સંજોગોમાં નિવેડો નહી આવે તો મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સોલ આર્બિટ્રેટર રહેશે અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વાપી મહાનગરપાલિકાના નિર્ણય સામે વાંધો હોય તો મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીમાં અપીલ કરી શકશે અને સ્ટેન્ડીંગ કમિટીએ આપેલ નિર્ણય આખરી ગણાશે અને ઈજારાદાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નિર્ણયની વિરૂધ્ધ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વાપી કોર્ટમાં જઈ શકશે.

(આઈ) એટોર્નમેન્ટ (ફેરબદલી) :-

૧. વાપી મહાનગરપાલિકાએ ઈજારાદારને ૫(પાંચ)વર્ષ માટે સદર સ્વીમીંગ પૂલને લીઝથી આપેલ છે અને તે અંગેનો ટેન્ડરની શરતો/જોગવાઈ તથા બનાવેલ ઇજારાના એગ્રીમેન્ટમાં જણાવેલ હકક અને જવાબદારીઓ ઈજારાદારએ નિભાવવાની રહેશે અને તેના હકકો અને જવાબદારી અન્ય ને તબદીલ કરી શકશે નહી. સદર ઇજારાના એગ્રીમેન્ટ અંગે જે કોઈ રજીસ્ટ્રેશન ચાર્જ થાય તે ઈજારદારે ભોગવવાનો રહેશે.

(જે) સેવરોબીલીટી (વિભાજયતા):

સદર ઇજારાના એગ્રીમેન્ટમાંની શરતો અને કન્ડીશન અને પ્રોવિઝનમાના કોઈ ટર્મ-કંડીશન અને પ્રોવિઝન કોઈ કાયદાથી ભાવિત હોય યા સ્ટેટપુટ-રેગ્યુલેશન યા ગેરકાયદેસર હોવાનો હુકમ હોય યા અમલ નહીં થઈ શકે તેવો હોય તો ટર્મ-કડીશન અને પ્રોવિઝન આ ઈજારામાંથી ડીલીટ યાને રદ ગણવાનું રહેશે અને તેવા ડીલીટ થયેલ ટર્મ-કંડીશન અને પ્રોવીઝનનો કોઈ અમલ કરવાનો રહેશે નહીં. સદર જે કોઈ હુકમ થયો હોય તેમ છતાં ડીલીટ થયેલ ટર્મ-કંડીશન અને પ્રોવીઝનલ અંગેનો વિકલ્પ શોધવાનો રહેશે અને તે અંગે જરૂર પડયે સુધારા વધારા કરવાના રહેશે. જો કોઈ સંજોગોમાં તેવા સ્ટેટપુટ-રેગ્યુલેશન-કોર્ટ ઓર્ડર યા અન્ય હુકમોથી સદર એગ્રીમેન્ટ

આર્થિક રીતે પડી ભાંગે યા સદર એગ્રીમેન્ટ આગળ ચલાવવો અશક્ય બને ત્યારે પક્ષકારોએ સદર એગ્રીમેન્ટ ટર્મીનેટ યાને રદ કરવાનો રહેશે.

(કે) એમેન્ડમેન્ટ યાને સુધારો:-

સદરહુ ઇજારાના બન્ને પક્ષનાઓએ આ ઈજારામાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને બન્ને પક્ષનાની લેખિત પરવાનગી વિના સદર ઇજારાની શરતોમાં ફેરફાર, ઉમેરો, યા સુધારા વધારા કરવાની જરૂરીયાત પડે તો તે અંગે બન્ને પક્ષકારોએ લેખિતમાં મંજુરી મેળવ્યા બાદ સદર ટેન્ડરની શરતોમાં/જોગવાઈઓમાં સુધારો કરી શકાશે અને તે અંગે વધારાનો સપ્લીમેન્ટરી યા એમેન્ડેડ ઇજારો બનાવવાનો રહેશે. આ ઇજારાના એગ્રીમેન્ટ અને તેની તમામ શરતોનું તથા ટેન્ડરમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન અને અમલ કરાવવાનો રહેશે અને કોઈ પણ સજોગોમાં તેનો ભંગ કરી શકાશે નહી.

નોંધ :-

૧. ઉપરોક્ત ટેન્ડરની શરતોમાં/જોગવાઈઓમાં ઈજારા દરમ્યાન અધવચ્ચેથી પણ વધારાની શરતો/જોગવાઈઓ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/વાપી મહાનગરપાલિકા ઉમેરી શકશે/બદલી શકશે. જે ઈજારદારે માન્ય રાખવાની રહેશે.

## PRICE SCHEDULE-A SCHEDULE-A GRAND SUMMARY

### MUST BE QUOTED ONLINE

### Tender for operation and maintenance of swimming pool owned by the Vapi Municipal Corporation,Vapi

Schedule B

| Sr. No. | Item | Item Description | Quantity | Unit | Amount |
|---|---|---|---|---|---|
| 1 | 1 | Maintenance, Operations & Management (As described in Tender Clauses and Conditions and also as directed by Authority) of swimming pool at swaminarayan Gurukul road, chala, vapi | 1 | Year | **08.00 Lacs** |

Special Note and Condition: Bidder Have to Read the below conditions carefully.

1. Offset value of Rs. 08,00,000/- has been decided by the authority, bidder who quote rate more than the offset value, the contract will be awarded to him.
2. The contract will be for 5 years, the bidder has to operate and maintain the swimming pool. No extra payment will be done to Bidder.
3. The Bidder will have to pay Amount by 10% rise in rent amount every year.
4. Contractor has to quote the rate exclusive of G.S.T. G.S.T. will have to be paid extra.

Junior Town Planner
Vapi Municipal Corporation

Town Planner
Vapi Municipal Corporation

Municipal Commissioner
Vapi Municipal Corporation

## Annexure- Document to be submitted

- PAN number
- General company information including company name, address, contact details, e-mail-id, name of director
- Certificate of Incorporation in case of pvt.Ltd or limited company profile
- Partnership Deed in case of partnership firm
- Copy of ITR- last 3 year
- GST registration certificate
- Work order or work completion certification of sports activities managed in last 2 years in private sector/ government/semi government sector etc.
- The bidder submitting the tender will have to submit a self-attested certificate stating that their company is not blacklisted or defaulter anywhere.